અપીલ અરજી નં.૩૮૨ તા.૧–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સૈયદ ફરીદ ગુલામ મોહંમદ
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ ફરીદ ગુલામ મોહંમદની તા.૧૮–૧૨–૧૦ની અરજીથી ચાલુ વર્ષ તાપી કાંઠેની ઝુંપડપટ્ટીને સ્થળાંતર કરી કોસાડ ખાતે બનાવેલ આવાસોમાં વ્યવસ્થા કરી મકાનો આપવામાં આવ્યા હતા. મુદ્દા નં.૧ એક ઝુંપડાની સામે વધારે મકાન આપ્યા તે સંખ્યાની માહિતી આપવી. એ ઝુંપડા વાસીઓ ને જે કારણે વધારે મકાન આપ્યા તે કારણો તથા તેઓના નામ લિસ્ટ આપવા વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૨/૨૦૧૦–૧૧.

શ્રી સૈયદ ફરીદ ગુલામ મોહંમદની તા.૧૮–૧૨–૧૦ની અરજીથી ચાલુ વર્ષ તાપી કાંઠેની ઝુંપડપટ્ટીને સ્થળાંતર કરી કોસાડ ખાતે બનાવેલ આવાસોમાં વ્યવસ્થા કરી મકાનો આપવામાં આવ્યા હતા. મુદ્દા નં.૧ એક ઝુંપડાની સામે વધારે મકાન આપ્યા તે સંખ્યાની માહિતી આપવી એ ઝુંપડા વાસીઓ ને જે કારણે વધારે મકાન આપ્યા તે કારણો તથા તેઓના નામ લિસ્ટ આપવા વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૨ તા.૧૦–૩–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને અપીલ અરજી સાથે તા.૧–૩–૧૧ ના પત્રની સાથે બીડવામાં આવેલ તા.૩૧–૧–૧૧ ની અરજી અપીલ સ્વરૂપે અત્રે આપ્યાના આધાર પુરાવા રજુ કરવા અન્યથા લગભગ દિન–૧૩ ની વિલંબિત અપીલ અંગે વાજબીપણુ કલમ ૧૯–(૧) હેઠળ તેમણે રજૂ કરવુ રહે તે પણ રજુ થયેલ ન હોઈ તથા અપીલ અરજી નિયત નમુના–'ચ' માં નિર્દિષ્ટ વિગતો ભરી પરત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૨૭ તા.૧૪–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૬૧૦ તા.૨૭–૧૨–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૬૭૧ તા.૧૮–૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જાવક જીએડી/ઈએસટી/૪૨૯૧ તા.૧૫–૩–૧૧ થી પૂરક વિગત મળેલ છે. જયારે અરજદાર તરફથી સદર પત્ર સંદર્ભે કોઈ વિગતો મળેલ નથી પરંતુ અરજદારે તા.૧–૩–૧૧ ના રોજ કમિ.શ્રીની કચેરીમાં મહાનગરપાલિકાને કરેલી અરજીઓ મોકલવા બાબત વિષય હેઠળનો પત્ર જેની સાથે અરજદારે આપેલી અરજીઓનું વિગત દર્શાવતું પત્રક, તા.૩૧–૧–૧૧ ના રોજ ઈ.ચા. ડે.કમિ. રાંદેરઝોનને આરટીઆઈ હેઠળ માંગેલ માહિતીના ગમે તે જવાબ પાઠવવા અંગેનો પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, તથા જાહેર માહિતી અધિકારીએ આપેલી માહિતી અંગેના પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૬૭૧ તા.૧૮–૧–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે. પરંતુ અરજદાર તરફથી તા.૩૧–૧–૧૧ ની અરજીના અપીલ સ્વરૂપે કોઈ આધાર પુરાવા કે તા.૧–૩–૧૧ ના રોજ કરેલી દિન–૧૩ ની વિલંબિત અપીલ અંગે કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી તેમજ અપીલ અરજીનું ફોર્મ ભરી રજૂ કરવા જણાવેલ તે પણ ભરીને મોકલવામાં આવેલ નથી. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્ર ક્રમાંક સમન/૨૦૧૧/૪૫૦(૧૦)/પી તા.૨૪–૨–૧૧ નો પત્ર ક્રમાંક જી/૧/૧૨૯૭ તા.૧–૩–૧૧ ના રોજ નકલ મળેલ છે. જેમાં મહાનગરપાલિકા સંબધિત મળેલી અરજીઓના પત્રકના ક્રમાંક ૩ ની અરજી બાબતે અરજદારને બારોબાર પ્રત્યુત્તર પાઠવવા જણાવેલ છે. જેની કાર્યવાહી માટે અરજદારની તા.૧૮–૧૨–૧૦ ની માહિતી માંગતી અરજી તથા તા.૩૧–૧–૧૧ નો પત્ર તેમજ જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પાઠવેલ પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૬૭૧ તા.૧૮–૧–૧૧ ની નકલ, અરજદારની માહિતી માંગતી અરજી મ. જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) મુગલીસરાને આ.નં.૬૧૦ તા.૨૭–૧૨–૧૦ ના રોજ તબદીલ કરેલ જે તા. ૨૮–૧૨–૧૦ ના રોજ સ્વીકાર્યાની સહી કર્યા અંગે પ્યુન ટપાલબુકની નકલ રજૂ કરેલ છે તેમજ અરજદારે તા.૧૪–૩–૧૧ ના રોજ આઈ ડી નં.૩૮૦ તા.૧૮–૧૨–૧૦ ની અરજીની માહિતી મળી ગયેલ હોઈ તેની સામે કરેલ અપીલ તથા રાજય માહિતી આયોગમા કરેલ અપીલ રદ બાતલ ગણવા અંગેની અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૨–૧૦ ની અરજીથી ચાલુ વર્ષ તાપી કાંઠેની ઝુંપડપટ્ટીને સ્થળાંતર કરી કોસાડ ખાતે બનાવેલ આવાસોમાં વ્યવસ્થા કરી મકાનો આપવામાં આવ્યા હતા તે બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન કચેરી સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જેની નકલ અગ્રસચિવ શહેર વિકાસ વિભાગ, ગાંધીનગર, ઈન્કમટેક્ષ મજુરાગેટ, સુરત, અને મ્યુ. કમિ.શ્રી સુરતને મોકલવામાં આવેલ નિર્દિષ્ટ કરેલ છે. અરજદારની આરટીઆઈની અરજી બાબતે વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં./૬૧૦ તા.૨૭–૧૨–૧૦ થી મુદ્દા નં.૩ અંગે પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૧ અને ૨ નો પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૬૭૧ તા.૧૮–૧–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૩૧–૧–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી ઈ.ચા ડે.કમિ. રાંદેરઝોનને અરજદારે માંગેલી માહિતી અંગે ગમે તેમ જવાબ આપવા બાબતે

પત્ર પાઠવેલ. વધુમાં અરજદારે તેમાં તા.૧૦–૧૧–૧૦ અને તા.૧૩–૧૨–૧૦ ની અગાઉ આપે જવાબોની પણ રજૂઆત કરેલ છે અને માહિતી તેઓ પાસે માંગવા કરતાં તેઓના અધિકારી પાસે માંગવાની રજૂઆત કરેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૧–૩–૧૧ ના રોજ ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગરને માહિતી નહીં આપવા બાબતેનો પત્ર પાઠવી રજૂઆત કરેલ છે અને જેની નકલ મ્યુ. કમિ.શ્રી અને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને મોકલેલ છે. જેની નકલ સેન્ટ્રલઝોન મારફતે અત્રે મળેલ છે. જેમાં અપીલનું કારણ માહિતી નહીં મળ્યાનું જણાવેલ છે. જેના સંદર્ભે અત્રેથી અપીલ અરજી દાખલ કરી બંને પક્ષકારોને આરટીઆઈ સેલ/૧૩૯૨ તા.૧૦–૩–૧૧ થી માહિતી માંગવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં.૧ એક ઝુંપડાની સામે વધારે મકાન આપ્યા તે સંખ્યાની માહિતી આપવી. એ ઝુંપડા વાસીઓ ને જે કારણે વધારે મકાન આપ્યા તે કારણો તથા તેઓના નામ લિસ્ટ આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી સામાન્ય રીતે એક ઝુંપડા સામે એક જ મકાન ફાળવવામાં આવે છે પરંતુ જે ઝુંપડામાં વસતા વ્યકિતઓની સંખ્યા ૮ થી વધુ હોય અને ૧ થી વધુ પરણિત પુત્રો હોય તેવા કિસ્સામાં સ્થા.સ.ઠ. નં.૮૧૪/૨૦૦૯ તા.૨–૭–૦૯ થી નકકી થયેલ નિતી અનુસાર સદરહુ ઝુંપડાના કબ્જેદારો ધ્વારા વધુ એક આવાસ ફાળવવાની અરજી કર્યેથી વધારાનું એક આવાસ સક્ષમ સત્તાની મંજુરી મેળવી નિયમોનુસાર ફાળવવામાં આવે છે. આ પ્રકારની માંગણી અન્વયે માહિતી અનુસાર આ પર્યન્ત કુલ–૮ ઝુંપડાઓની સામે વધુ એક આવાસ ફાળવવામાં આવેલ છે. તેઓના નામની માહિતીના નકલ રૂા.૨/– રાંદેરઝોન કચેરીએ દિન–૭ માં ભરપાઈ કર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ વેસ્ટઝોનના વિસ્તારમાં જે વસ્તારમાં મકાન માલિકોના નામ એપાર્ટ. ના નામો કે જેમાં ગેરકાયદેસર માંગણી કરતાં વધારે માળ ચઢાવી દીધા હોય તેઓની જાન્યુ.૨૦૦૮ થી ડીસે. ૨૦૧૦ સુધી ૩ વર્ષની માહિતી નકલ રૂપે આપવી તેમ કરવાનું ચૂકશો તો શહેર વિકાસ ખાતુ ગાંધીનગર અને માહિતી આયોગ કમિશનરને લખવું પડશે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મુદ્દા બાબતે તમારા તરફથી કયા બાંધકામની માહિતી જોઈએ તે સ્પષ્ટ નોંધ નંબર , સર્વેનંબર આપ્યેથી માહિતી ઉપલબ્ધ કરી શકાય છે. તેવી સ્પષ્ટ વિગતો જણાવેલ ન હોઈ માહિતી ઉપલબ્ધ કરાવી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર પાઠવી વિગતો માંગવા છતાં વિગતો પૂરી પાડેલ નથી. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવાના પ્રયાસ કરવામાં આવેલ છે પરંતુ અરજદાર તરફથી સંદિગ્ધ માહિતી બાબતે વિગતો પૂરી પાડેલ નથી. મુદ્દા નં.૩ એકઝી. એન્જી. શ્રી આર વી. ગામીત તેમના ભાઈ બહેનોની અને તેમના માતા પિતાના નામે તથા તેમના બાળકોના નામ જેટલી મિલ્કતો જેટલા ખુલ્લા પ્લોટ, ખેતર , રોકડા રૂપિયા અને જવેરાત દાગીનાની સંપૂર્ણ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પઅનેઈ) મધ્યસ્થ મહેકમ તરફથી પૂરક વિગતોમાં આવી કોઈ અરજી તબદીલ થઈને મળેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૬૧૦ તા.૨૭–૧૨–૧૦ ના રોજ મ. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ મુગલીસરાને તબદીલ કર્યાનું જણાવેલ છે. જેના પુરાવારૂપે વેસ્ટઝોનની પ્યુન ટપાલબુકની નકલ રજૂ કરેલ છે જેમાં તા.૨૮–૧૨–૧૦ ના રોજ સ્વીકારીને સહી કર્યાનું જણાય છે. જેમાં અરજદારે તા.૩૧–૧–૧૧ ના પત્રમાં મુદ્દા નં.૩ ની માહિતી નહીં મળ્યાની રજૂઆત પણ કરેલ છે. પરંતુ અરજદારે તા.૧૪–૩–૧૧ ની અરજીથી સદર આઈ ડી નં.૩૮૦ તા.૧૮–૧૨–૧૦ ની અરજી અંગેની માહિતી મળી ગયેલ હોઈ તેની સામે કરેલ અપીલ અરજી તથા રાજય માહિતી આયોગમાં કરેલી અપીલ અરજી રદ કરવા જણાવતી નકલ પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી રજૂ થયેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગેલ માહિતી મળી ગયેલ હોઈ અરજદારે તા.૧૪–૩–૧૧ ની અરજીથી સદર અરજી સામે ની અપીલ અરજી તથા રાજય માહિતી આયોગને કરેલી અપીલ અરજી રદ ગણવાનું જણાવેલ છે જે અંગે અરજદારની અરજી ધ્યાને લેતાં અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ) .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સૈયદ ફરીદ ગુલામ મોહંમદ